# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-08-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

**************************************************

1) કેન્દ્રીય મંત્રીમંડળે "પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના" માટે ૧ હજાર ૯૨૦ કરોડ રૂપિયાના વધારાના ખર્ચને મંજૂરી આપી.

2) ચૂંટણી પંચ આજે બિહારમાં ખાસ સઘન સુધારણા પહેલ હેઠળ મતદાર યાદીનો અહેવાલ બહાર પાડશે.

3) પ્રધાનમંત્રી આવતીકાલે ઉત્તર પ્રદેશમાં વિવિધ વિકાસ પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે અને પીએમ કિસાન યોજનાનો 20મો હપ્તો પણ જમા કરશે.

4) ભારતીય મહિલા કુસ્તીબાજોએ એથેન્સમાં અંડર-17 વિશ્વ રેસલિંગ ચેમ્પિયનશિપમાં કુલ પાંચ ચંદ્રક જીત્યા.

5) આજે વિશ્વ ફેફસા કેન્સર દિવસ - ફેફસાના કેન્સર અંગેનાં જાગૃતિ કાર્યક્રમો યોજાશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM KISAN SAMPADA

કેન્દ્રીય મંત્રીમંડળે "પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના"ના વિસ્તરણ માટે ૧ હજાર ૯૨૦ કરોડ રૂપિયાના વધારાના ખર્ચ સહિત કુલ ૬ હજાર ૫૨૦ કરોડ રૂપિયાના ખર્ચને મંજૂરી આપી છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા સમયે કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયની જાહેરાત કરતા આ મુજબ જણાવ્યુ

( BYTE : KRISHI-SAMPADA-VAISHNAV )

# NCDC

કેન્દ્રીય મંત્રીમંડળે વર્ષ ૨૦૨૫-૨૬ થી ૨૦૨૮-૨૯ સુધીના ચાર વર્ષના સમયગાળા માટે બે હજાર કરોડ રૂપિયાના ખર્ચ સાથે "ગ્રાન્ટ ઇન એઇડ ટુ નેશનલ કો.ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC)" નામની કેન્દ્રીય ક્ષેત્ર યોજનાને પણ મંજૂરી આપી છે.

(BYTE: NCDC -VAISHNAV )

આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઓડિશા અને ઝારખંડ રાજ્યોના ૧૩ જિલ્લાઓને આવરી લેતા ચાર મલ્ટી ટ્રેકિંગ રેલ્વે પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ્સની કુલ અંદાજિત કિંમત ૧૧ હજાર ૧૬૯ કરોડનો આ પ્રોજેકટ વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં પૂર્ણ થશે.

# STARLINK

કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું છે કે એલોન મસ્કની આગેવાની હેઠળની સ્ટારલિંકને ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સેવા શરૂ કરવા માટે લાઇસન્સ આપવામાં આવ્યું છે.

સ્ટારલિંકના સરળ અમલીકરણ માટે સ્પેક્ટ્રમ ફાળવણી માટે એક માળખું પણ તૈયાર કરવામાં આવ્યું છે. નવી દિલ્હીમાં મોબાઇલના ઉપયોગના 30 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે એક મોબાઇલ કોન્ક્લેવને સંબોધતા આ મુજબ જણાવ્યુ

(BYTE : JYOTIRADITYA-SCINDIA)

મંત્રીએ ભાર મૂક્યો કે છેલ્લા 11 વર્ષમાં ભારતની ડિજિટલ સફર અસાધારણ રહી છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા દાયકામાં દૂરના ગામડાઓથી મેટ્રો શહેરો સુધી ડિજિટલ ઍક્સેસે નાગરિકોને સશક્ત બનાવ્યા છે અને ભારતને સસ્તું અને સમાવિષ્ટ ટેકનોલોજીમાં વૈશ્વિક નેતા બનાવ્યું છે.

# BIHAR - ECI

ચૂંટણી પંચ આજે બિહારમાં ખાસ સઘન સુધારણા પહેલ હેઠળ મતદાર યાદીનો મુસદ્દો બહાર પાડશે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે બિહારના મુખ્ય ચૂંટણી અધિકારી અને 243 ચૂંટણી અધિકારીઓ મતદાર અથવા કોઈપણ માન્ય રાજકીય પક્ષને મતદાર યાદીમાં કોઈપણ વિસંગતતા અંગે વાંધા નોંધાવવા માટે સમય મર્યાદા આપશે. આ વાંધા 1 લી ઑગસ્ટ થી 1 સપ્ટેમ્બર 2025 સુધી કરી શકાય છે.

# PM-KISAN INSTALMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઉત્તર પ્રદેશના વારાણસીમાં  બે હજાર 200 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી નવ કરોડ 70 લાખથી વધુ ખેડૂતોના ખાતામાં પીએમ કિશાન યોજનાનો 20મો હપ્તો પણ જમા કરશે.

પર્યટન ક્ષેત્રને વેગ આપવા માટે, શ્રી મોદી આઠ નદી કિનારાના કુચ્ચા ઘાટના પુનર્વિકાસ, કાલિકા ધામ ખાતે વિકાસ કાર્યો અને દુર્ગાકુંડના પુનઃસ્થાપન અને જળ શુદ્ધિકરણનું ઉદ્ઘાટન કરશે.

કંચનપુરમાં શહેરી મિયાવાકી વનના વિકાસ, શહીદ ઉદ્યાન અને 21 અન્ય ઉદ્યાનોના પુનર્વિકાસ માટે પણ શિલાન્યાસ તેમજ ગ્રામીણ વિસ્તારમાં પ્રધાનમંત્રી જળ જીવન મિશન હેઠળ 47 ગ્રામીણ પીવાના પાણીની યોજનાઓનું ઉદ્ઘાટન પણ કરશે. પ્રધાનમંત્રી 53 શાળા ઇમારતોના અપગ્રેડેશનનું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી મહામના પંડિત મદન મોહન માલવિયા કેન્સર સેન્ટર અને હોમી ભાભા કેન્સર હોસ્પિટલમાં અનેક સુવિધાઓ સાથે તેઓ હોમિયોપેથિક કોલેજ અને હોસ્પિટલનો શિલાન્યાસ પણ કરશે.

પ્રધાનમંત્રી ડૉ. ભીમરાવ આંબેડકર સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે સિન્થેટિક હોકી ટર્ફનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી દિવ્યાંગજન અને વૃદ્ધ લાભાર્થીઓને સાત હજાર 400 થી વધુ સહાયક સહાયનું પણ વિતરણ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# EVM

ચૂંટણી પંચે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીન, EVM ચેડાંથી સુરક્ષિત હોવાનો પુનઃ ઉચ્ચાર કર્યો છે.

ગયા વર્ષે યોજાયેલી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી દરમિયાન 10 ઉમેદવારો તરફથી મળેલી અરજીઓના આધારે કરેલી તપાસનો રિપોર્ટ આપતા EVM અને VVPAT સ્લિપની ગણતરીમાં કોઈ તફાવત જોવા મળ્યો નથી તેમ તેમણે જણાવ્યું હતું.

10 વિધાનસભા મતવિસ્તારોમાં EVMની અને VVPAT સ્લિપની ચકાસણી કરવામાં આવી હતી. 10 વિધાન સભાના તમામ મતવિસ્તારો માંથી 48 બેલેટ યુનિટ, 31 કંટ્રોલ યુનિટ અને 31 VVPAT ની ચકાસણી કરવામાં આવી હતી.

આ ચકાસણી 8 અરજદારોની હાજરીમાં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.

# IMD-WEATHER

હવામાન વિભાગે આગામી 6 દિવસ હિમાલયના પ્રદેશ, કેરળ, માહે, લક્ષદ્વીપ, કર્ણાટક, રાયલસીમા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, યમન અને તેલંગાણામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

( BYTE : IMD )

જ્યારે આગામી 5-6 દિવસ સુધી દેશના પશ્ચિમ, પૂર્વ અને મધ્ય ભાગોમાં આવી જ સ્થિતિ રહેશે. હવામાન વિભાગ દ્વારા આજે આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે બિહાર, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, રાજસ્થાન, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ ભારે વરસાદની શક્યતા છે.

# WORLD WRESTLING CHAMPIONSHIPS

ભારતીય મહિલા કુસ્તીબાજોએ ગઈકાલે એથેન્સમાં અંડર-17 વિશ્વ રેસલિંગ ચેમ્પિયનશિપમાં બે સુવર્ણ, બે રજત અને એક કાંસ્ય સહિત કુલ પાંચ ચંદ્રક જીત્યા. મહિલાઓની 43 કિલોગ્રામ ફ્રીસ્ટાઇલ કેટેગરીમાં ભારતીય ખેલાડી રચનાએ ચીનની શીન હુઆંગને 3-0થી હરાવીને પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

ભારતીય ખેલાડી અશ્વિની બિશ્નોઈએ 65 કિલોગ્રામ વજન વર્ગમાં ઉઝબેકિસ્તાનની મુખાય્યો રાખીમજોનોવાને 3-0થી હરાવીને બીજો સુવર્ણ ચંદ્રક જીત્યો હતો.

57 કિલોગ્રામ વજન વર્ગમાં ભારતીય ખેલાડી મોનીએ રજત ચંદ્રક જીત્યો. જ્યારે ભારતીય ખેલાડી કાજલે 73 કિલોગ્રામ વજન વર્ગમાં બીજો રજત ચંદ્રક જીત્યો હતો. 49 કિલોગ્રામ વજન વર્ગમાં ભારતીય ખેલાડી કોમલ વર્માએ યુનાઇટેડ વર્લ્ડ રેસલિંગની એનહેલિના બુર્કીનાને 8-3થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# LUNG CANCER DAY

આજે વિશ્વ ફેફસા કેન્સર દિવસ છે. ફેફસાના કેન્સર અંગે જાગૃતિ ફેલાવવા અને લોકોને માહિતીગાર કરવાનાં હેતુથી દર વર્ષે પહેલી ઓગસ્ટે આ દિવસ મનાવાય છે.

ફેફસાનું કેન્સર સમાન્ય રીતે ધૂમ્રપાન અને પ્રદુષણના કારણે થાય છે. પ્રારંભિક તબક્કામાં લક્ષણો સાથે દેખાતું નથી. પરંતુ તબક્કાવાર દેખાય છે તેમાં સતત ઉધરસ, ગળાફાંમાં લોહી, હાંફ ચઢાવો , છાતીમાં દુખાવો અને અવાજમાં કર્કશતા આવે છે. જો આવા કોઈ પણ લક્ષણ દેખાય તો નજીકના સરકારી દવાખાનામાં તપાસ કરાવવી

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

1) આજના તમામ અખબારોએ અલગ-અલગ સમાચારને મુખ્યશીર્ષકમાં સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, ભારત ડેડ ઈકોનોમી, ડૂબે તો પણ મને પડી નથીઃ ટ્રમ્પની તુમાખી. ---- નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, ટ્રમ્પે નાદાર પાકિસ્તાન સાથે ડીલ કરી ભારતીય અર્થતંત્રને 'ડેડ' કહ્યું.

2) "17 વર્ષે ચુકાદો.. સાધવી સહિત સાત આરોપી દોષમુક્ત, પ્રજ્ઞાએ કહ્યું, ભગવાનો વિજય" આ દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે. ---- સંદેશ લખે છે, માલેગાંવ વિસ્ફોટ- સાધ્વી પ્રજ્ઞા સહિત સાત નિર્દોષ ---- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – 10,800 સબૂત, 323 ગવાહ.... પર કોઈ દોષી નહીં. ---- ફૂલછાબે "માલેગાંવ બ્લાસ્ટ કેસઃ સાધ્વી પ્રજ્ઞા સહિત સાતેય દોષમુક્ત"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.

3) જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સાબરમતી રિવરફ્રન્ટ પર મૉર્નિંગ રનનો અનુભવ લીધો તે સમાચાર ગુજરાત સમાચારે પહેલા પાના પર તસવીર સાથે પ્રકાશિત કર્યા છે.

4) સંદેશે "રાજ્યની 13 નદી મેલીઃ સાબરમતી નદીનો રાયસણથી વૌઠાનો પટ્ટો સૌથી વધુ ખતરનાક" શીર્ષક સાથેના સમાચાર છેલ્લા પાના પર લીધા છે.

5) દિવ્ય ભાસ્કર સ્થાનિક પાના પર લખે છે, અચાનક જ સીએમ પાણી પૂરવઠા બૉર્ડની કચેરીએ પહોંચતા દોડધામ.